# સંચાલક મંડળો એ સંસ્થાના માનવબળનો પ્રેરણા સ્રોત છે

શાળા-કોલોજોનું કાર્ય માત્ર અક્ષરજ્ઞાન જ આપવાનું નથી. ખરા અર્થમાં શિક્ષણ આપવાનું છે. શિક્ષણમાં વિવિધ પ્રકારના મૂલ્યોનો સમાવેશ થાય છે. જે શાળા-કોલેજ મૂલ્યશિક્ષણ પર ભાર આપતી નથી તે સાચા અર્થમાં પોતાની ફરજ યોગ્ય રીતે બજાવતી નથી તેમ કહી શકાય. ત્યાં માહિતી મળે છે પણ જ્ઞાન, સંસ્કાર, ડહાપણ વગેરે મળતાં નથી. આપણા સમાજમાં અનેક શાળા-કોલેજો કાર્યરત છે. જેમાં દરેક સંસ્થાની કાર્યપ્રણાલી અને ફિલોસોફી અલગઅલગ જોવા મળે છે. જેની પાછળનો પ્રેરણા સ્રોત જે તે સંસ્થાના સંચાલકો કે ટ્રસ્ટી હોય છે.

“જેવો રાજા તેવી પ્રજા” ઉક્તિ મુજબ સંચાલકોની વિચારસરણી, માન્યતાઓ, વર્તનવ્યવહારની અસર સંસ્થાના માનવબળ પર નિશ્ચિત પણે થાય છે. આ અસર હકારાત્મક પણ હોય અને નકારાત્મક પણ હોય. જેવી સંચાલકોની પ્રતિભા તેવી સ્ટાફની પ્રતિમા.જે શાલા-કોલેજના સંચાલક પ્રમાણિક, કાબેલ, નીતિવાન, પારદર્શિ હોય તેનો સ્ટાફ પણ તેવો જ હોય. તો બીજી બાજુ જે શાળા-કોલેજોના સંચાલકો ભ્રષ્ટાચાર અને અનીતિમાં રાચતા હોય તેનો સ્ટાફ પણ તે જ રસ્તે ચાલે છે. સંચાલકોની વર્તન તરાહ અને ફિલોસોફી સ્ટાફને ચોક્કસ માર્ગે દોરે છે.

આજે ખૂબ જ સારા સંચાલક મંડળો ભાગ્યે જ જોવા મળે છે. આવી જૂજ સંખ્યા ધરાવતા સંચાલક મંડળો જ શિક્ષણસમાજને ટકાવી રાખે છે. જેમાંના કેટલાક ઉદાહરણો આપણને હાશકારો આપે છે. અમદાવાદની શ્રી વિદ્યાનગર હાઇસ્કૂલ-ઉસ્માનપુરાના ટ્રસ્ટી શ્રી હિંમતભાઇ કપાસી સાહેબ એંસી વર્ષની ઉંમર પછી પણ દરરોજ શાળામાં નિયમિત આવે છે અને ચોક્કસ સમયગાળા સુધી રોકાય છે. તેઓશ્રી શિક્ષકોના કામને જોવા માટે નથી આવતા. તે માટે તો શાળાના આચાર્ય છે જ. શાળામાં આવવા પાછળનું મુખ્ય ધ્યેય સ્ટાફને પ્રોત્સાહન આપવાનું છે. શિક્ષકો સાથે શિક્ષણ વિષયક ચર્ચા કરવી તેમને વધુ પસંદ છે. સારું પુસ્તક કે સારો લેખ વાંચીને ચોક્કસ શિક્ષકને બોલાવીને કહેશે કે,“આ લેખ તમને મજા પડે તેવો છે.” કયા શિક્ષકને શું ગમશે તેનો તેમને પૂરો ખ્યાલ હોય છે. પોતાના ચાના કપમાંથી અડધો કપ ચા પટાવાળાને આપીને તેની સાથે પણ ગોષ્ઠી કરતા કપાસી સાહેબના વ્યક્તિંતત્વને કારણે સંસ્થામાં ભાગ્યે જ પ્રશ્નો ઊભા થાય છે. ભ્રષ્ટાચાર અને અનીતિ તેમની કલ્પનામાં પણ નથી. શિક્ષણ, સંગીત અને સાહિત્યના શોખીન કપાસી સાહેબના વ્યક્તિંતત્વની અસર માત્ર સ્ટાફ પર જ નહીં વિદ્યાર્થી અને વાલીઓમાં પણ દેખાઇ આવે છે. માટે જ શ્રી વિદ્યાનગર હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ અન્ય સંસ્થા કરતાં અલગ ઊભરી આવે છે.

દિવાનબલ્લુભાઇ શાળાના ટ્રસ્ટીશ્રી બી.જે.દિવાન સાહેબ નેવું વર્ષ પૂરા કરવાની તૈયારીમાં છે. તેઓશ્રી ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટીસ તરીકેની સેવા આપી ચૂક્યા છે. આટલી ઉંમર અને વ્યસ્તતા હોવા છતાં આજે પણ શાળાના શિક્ષકો કે વાલીઓને માર્ગદર્શન માટે તેઓ સતત સેવા આપે છે. નેવું વર્ષે પણ ફૂલ ગુલાબી શારીરિક શક્તિ ધરાવે છે. શાળામાં નાના-મોટા કાર્યક્રમમાં તેમની હાજરી હોય જ. તેમની હાજરી વિદ્યાર્થીઓમાં અનન્ય ઉત્સાહ અને પ્રેરણા આપી જાય છે. તેમના તટસ્થતાભર્યા અને દૂરંદેશી આગવા વિચારો અને વ્યક્તિંતત્વની છાપ દિવાનબલ્લુભાઇ શાળાના વિદ્યાર્થીઓમાં દેખાઇ આવે છે. આજે પણ શિક્ષણ વિષયક સરકારી કે સામાજિક નિર્ણયો અંગે તેઓ ચિંતન અને ચર્ચા કરતા રહે છે.

અમદાવાદમાં શિક્ષણ સાથે સંકળાયેલ જૂના ટ્રસ્ટમાંનું એક મંડળ એટલે - અમદાવાદ કેળવણી મંડળ. તેના હાલના ટ્રસ્ટીશ્રી પ્રફુલ્લચંદ્ર શાહ એક કરતાં વધુ શૈક્ષણિક મંડળ દ્વારા શાળા-કોલેજોને દોરવણી આપે છે. અમદાવાદમાં વાસણા કોલેજ કેમ્પસમાં આવેલી કોલેજો ઉપરાંત ખેડા અને વિસનગરમાં પણ અન્ય કોલેજો અને શાળાઓના તેઓશ્રી મોભી છે. તેમનો પારદર્શક વહીવટ, નૈતિક મૂલ્યો અને ભ્રષ્ટાચારથી દૂર રહેવાની

નીતિમત્તા દાદ માંગી લે તેમ છે. સંસ્થામાં કોઇપણ પ્રકારનું ખોટું કરવું નહીં અને સ્ટાફ પર પૂરો વિશ્વાસ બધી જ સંસ્થાઓને આત્મબળ પૂરું પાડે છે. અમદાવાદની સંસ્થાઓમાં નિયમિત પણે અને અન્ય જિલ્લામાં આવેલી ઘણી સંસ્થાઓમાં અવારનવાર મુલાકાત લેઇને સ્ટાફને સતત હૂફ આપે છે. તમામ કોલેજના બધા જ કર્મચારીને નખશીખ ઓળખે, પ્રેમથી મિત્રભાવ દાખવીને વર્તનવ્યવહાર કરીને પ્રેરણા પૂરી પાડે. સરકારી નિયમોનું ચૂસ્તપણે પાલન કરે અને કરાવે. બોસીઝમ તેમની ડિક્શનરીમાં જ નથી. આવા સંચાલકના નેજા નીચે કામ કરનાર સૌ કર્મચારી સંસ્થામાં મુક્ત રીતે કામ કરી શકે છે અને રાત્રે સારી રીતે ઊંઘી શકે છે.

ગોધરામાં સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી ગોપાલસિંહ સોલંકી કે જેઓ રાજ્યસભાના સભ્ય પણ રહી ચૂક્યા છે. રાજકારણ સાથે ખૂબ જ લાંબા સમયથી સંકળાયેલ છે. આમછતાં તેઓશ્રીએ શિક્ષણમાં ક્યાંય અને ક્યારેય પણ રાજકારણને પ્રવેશવા દીધું નથી. રાજકારણ સાથે સંકળાયેલ વ્યક્તિને ઘણાં વ્યકિંતઓ સાથે સંબંધો હોય અને સંબંધો સાચવવા પણ પડે. આમછતાં કોલેજ માટે કોઇપણ વ્યકિંત લાગવગ લઇને આવે તો ઘસીને ના પાડવામાં સહેજ પણ અચકાય નહીં. આચાર્ય અને સ્ટાફને પૂરી સ્વતંત્રતા છે. ક્યારેય કોઇ દબાણ નહીં. ભ્રષ્ટાચારથી સંપૂર્ણ દૂર પૂરી નીતિમત્તા સાથે કોલેજ સંચાલન કરવાનું. સ્ટાફની ભરતી હોય કે અન્ય કાર્ય હોય માત્ર ગુણવત્તાને જ પ્રાધાન્ય આપવાનું. કોલેજ માટે કોઇ રાજકારણી તેમની પર ખોટું દબાણ કરે જ નહીં તેવી છાપથી સંસ્થાના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ આજે પણ ગૌરવ અનુભવે છે.

સંચાલક મંડળની નકારાત્મક ફિલસૂફીની પ્રત્યક્ષ અસર સ્ટાફ, વિદ્યાર્થીઓ અને વાલી પર થતી હોય છે. ભ્રષ્ટાચારના આશરે ચાલતી સંસ્થામાં વાલી અને વિદ્યાર્થીઓ ખોટા કામ આસાનીથી અને દાદાગીરીથી કરાવી જાય છે. ખોટાં કામ કરનાર સંચાલકોને કર્મચારીગણ તેમજ વિદ્યાર્થીઓ અને વાલી ખરાબ દૃષ્ટિથી જ જોતા હોય છે. રસ્તામાં સામે મળે તો સ્મિત પણ ન આપે અને ટ્રેનમાં મળે તો બેસવાની જગ્યા પણ ન આપે. આવી સંસ્થામાં ઊંચો અવાજ અને ગાળાગાળી સામાન્ય બાત છે. તેના વિદ્યાર્થીઓ જૂઠ્ઠું બોલે કે ચોરી કરતાં પકડાય તો નવાઇ નથી લાગતી. આવી સંસ્થામાં વાલી કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આસાનીથી શિક્ષકની લાજ લૂંટતા હોય છે. બીજીબાજુ હકારાત્મક ફિલોસોફી ધરાવતા સંચાલક મંડળોને હકારાત્મક જ પ્રત્યાઘાત મળે છે. સારી રીતે સંચાલન થતું હોય તેવી સંસ્થામાં ક્યારેય કોઇ વિદ્યાર્થી કે વાલી ખોટું કામ કરાવવાની આશા જ નથી રાખતા.સ્ટાફ કે વિદ્યાર્થી ક્યારેય ખોટું વિચારતો નથી અને ખોટું કરતો નથી. આ અસર માત્ર સંસ્થા પૂરતી જ મર્યાદિત નથી હોતી, શિક્ષક અને વિદ્યાર્થીના ઘર અને સમાજ સાથેના વ્યવહારમાં પણ દેખાઇ આવે છે. આવીસંસ્થા સાથે સંકળાયેલ દરેક વ્યકિંત નીતિમત્તાથી વર્તન વ્યવહાર કરવાનું પસંદ કરે છે. પરિણામે આ સંસ્થામાં સ્વયંશિસ્ત જોવા મળે ચે. ક્યારેય આચાર્ય કે સંચાલકે કોઇ કર્મચારીને ટોકવા કે રોકવા પડતા નથી. સંસ્થામાં નિયમિતતા અને ચોકસાઇ આપોઆપ હાજર રહે છે. વિદ્યાર્થીઓ અને વાલીને સંસ્થા માટે અનહદ લગાવ અને માન હોય છે. માટે તો આવી સંસ્થાના સભ્યોના જૂથ Google ના Orkut પર જૂથ જોવા મળે છે. સરકારી અધિકારીઓ પણ માનથી બોલાવતા હોય છે અને કોઇ કામ માટે ધક્કો ખવડાતા નથી. સમાજ પણ આવી સંસ્થાના કર્મચારીઓને પૂરો આદર આપે છે. સંસ્થા જ્ઞાન સાથે સંસ્કારનું સિંચન આસાનીથી કરીને વિદ્યાર્થીઓમાં નવી ફિલસૂફીનું વાવેતર કરી શકે છે. આમ સંચાલક મંડળો એ સ્ટાફ માટે પ્રેરણાનો સ્રોત છે. આ પ્રેરણા હકારાત્મક કે નકારાત્મક કાર્યો કરાવે છે. જેવો રાજા તેવી પ્રજા. શિક્ષણના નામે ફેક્ટરી રૂપી શાળા ચલાવતા ટ્રસ્ટો જેટલા વહેલા બંધ થાય તેટલી સમાજસેવા વધુ કહેવાય. જ્યારે સારા ટ્રસ્ટ સરળતાથી જેટલું લાંબું જીવે તેટલો સમાજને ફાયદો છે. ઉપરોક્ત સિવાય રાજકોટમાં સિસ્ટર નવોદિતા-ગુલાબભાઇ જાની, ભરૂચમાં અમેટી -રણછોડભાઇ શાહ, અમદાવાદમાં નિરમા- કરસનભાઇ પટેલ અને અમદાવાદમાં જ અમદાવાદ એજ્યુકેશન ટ્રસ્ટ- કસ્તુરભાઇ લાલભાઇ ગ્રુપ અને ગૌરવવંતા અન્ય ટ્રસ્ટ કે સંચાલક મંડળોને સો સો સલામ.